## સ્કૂલ સ્ટાર્ટ-અપ

### સંપર્ક માહિતી

સ્કૂલ ઑફિસ પાસે સૌથી અદ્યતન સંપર્ક માહિતી હોય તે ખાતરી કરવાનું અમે પરિવારોને કહીએ છીએ. આ કટોકટીની પરિસ્થિતિઓના કિસ્સામાં મહત્વપૂર્ણ છે. જો તમારી સંપર્ક માહિતી બદલાઈ હોય, તો કૃપા કરી સ્કૂલ ઑફિસને જાણ કરો.

### સ્કૂલ સ્ટાર્ટ-અપ ફોર્મ્સ

માતા-પિતાઓ/વાલીઓને YRDSB અપડેટ તરફથી સ્ટાર્ટ-અપ ફોર્મ્સ ભરવાની સૂચનાઓવાળો એક ઇમેઇલ મળ્યો. એ મહત્વનું છે કે આ ફોર્મ્સ શાળાકીય વર્ષની શરૂઆતમાં વહેલામાં વહેલી તકે ભરવામાં આવે કારણ કે તેમાં માહિતી અને પરવાનગીઓ સામેલ છે.

ફોર્મ્સ વેબસાઇટ family.yrdsb.ca પર ફેમિલી ડેશબોર્ડમાં જોઇ શકાય છે. તમારા બાળકના નામની બાજુના તીર પર ક્લિક કરો અને સ્ટાર્ટ-અપ ફોર્મ્સ બટન પસંદ કરો. તમે તમારી ભાષા પસંદ કરી શકો છો. કૃપા કરી દરેક બાળક માટે આ પગલાઓને અનુસરો. ફોર્મ્સ તમારા બાળકની માહિતી ડેશબોર્ડ દ્વારા આપમેળે ભરશે.

શીખો ફેમિલી ડેશબોર્ડ એકાઉન્ટ બનાવવાની રીત જો તમારી પાસે એક એકાઉન્ટ ન હોય.

ફોર્મ ઓનલાઇન પણ ઉપલબ્ધ છે, https://startupforms.yrdsb.ca. તમને તમારા બાળકના વિદ્યાર્થી નંબરની જરૂર પડશે. ખાસ માહિતી બોર્ડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. ભાષાંતર વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે.

કૃપા કરી નોંધી લેશો: તમારે શાળાએ જતા દરેક બાળક માટે એક અલગ ફોર્મ ભરવું રહ્યું. જો તમે કાગળ પર ફોર્મ ભરવાનું પસંદ કરો અથવા ફોર્મ્સમાંની માહિતી વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરી સ્કૂલ ઑફિસનો સંપર્ક કરો.

### માધ્યમિક શાળા વિદ્યાર્થી ફોર્મ્સ

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માધ્યમિક શાળાના વિદ્યાર્થી ફોર્મ અહીં ભરી શકે છે, https://startupforms.yrdsb.ca/students. તેઓ પોતાના વિદ્યાર્થી GAPPS એકાઉન્ટમાં લિંક પણ મેળવશે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આ વિદ્યાર્થી ફોર્મ્સ ભરવાની જરૂર **નથી**.